|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ●મહા વદ-૬ ● તા ૨૨-૦૨-૨૨ ● મંગળવાર SDP NO:671 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, ઔરંગાબાદ દ્વારા વૃક્ષારોપણ હુરડા પાર્ટી અને કાઈટ ફેસ્ટિવલનું ભવ્ય આયોજન

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, ઔરંગાબાદ દ્વારા ગત રવિવાર તા.૨૦-૦૨-૨૦૨૨ ના બે વર્ષની કોરોના કાળની તપસ્યા બાદ રવિવાર ના રોજ ઔરંગાબાદ સમાજ, યુવક મંડળ, મહિલા મંડળની ઉપસ્થિતિમાં અતિ ઉત્સાહ અને જોશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ, પતંગ ઉત્સવ અને હુરડા પાર્ટીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.

સર્વ પ્રથમ શ્રી સમાજના પ્રમુખ શ્રી ભાવેશભાઈ દિવાણી, ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઇ સાંખલા, ઉપપ્રમુખ શ્રી મગનભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી હંસરાજભાઈ દિવાણી, મહામંત્રી શ્રી વિશ્રામભાઈ દિવાણી, મહિલા મંડળ પ્રમુખ હેમલતાબેન સાંખલા, મધ્ય મહારાષ્ટ્ર રીજીયન અને યુવા મંડળ પ્રમુખ હિમ્મતભાઈ દિવાણી, રીજીયન સેક્રેટરી અને યુવક મંડળના ઉપપ્રમુખ ધીરજભાઈ સાંખલા, મંત્રી દિપકભાઈ રવાણી, પર્યાવરણ મંત્રી મનોજભાઈ ભાવાણી, ખેલમંત્રી હરેશભાઇ ઘોગારી, પર્યટન મંત્રી કૃષ્ણાભાઈ નાકરાણી, ખજાનચી પ્રવીણભાઈ ભાવાણી તેમજ નાના મોટા સર્વે વિવિધ થીમ લીડરો ઉપસ્થિત રહી ઉપર મુજબના સર્વે કાર્યક્રમ અતિ ઉત્સાહ અને જોશ સાથે પૂર્ણ કરવામાં આવેલ.

સર્વ પ્રથમ વૃક્ષારોપણનો કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ હુરડા પાર્ટી અંતર્ગત પોંક(હુરડા) સાથે રાનમેવાનો આનંદ લેવામાં આવેલ ઉપરાંત નાનાં મોટાં સર્વે માટે રમત-ગમતનું આયોજન કરવામાં આવેલ. ઉપરાંત સ્વરૂચી ભોજનનો આનંદ લેવામાં આવેલ. ભોજન બાદ પરત વિવિધ રમત-ગમત, ડી.જે. ની ધૂન સાથે ડાન્સની ધમાલ, ગ્રુપ ડાન્સ, કપલ ડાન્સ સાથે હાઈ ટી સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

આ ઉપરોક્ત કાર્યક્રમમાં ૩૨૫-૩૫૦ લોકોની ઉપસ્થિતિ રહેલ અને વિશેષમાં આ કાર્યક્રમના આયોજનની મુખ્ય જવાબદારી આ કોરોના કાળમાં પરણેલાં નવપરિણીત જોડાંઓને આપવામાં આવેલ હતી જેથી સમાજની ઓળખ વિધિ પૂર્ણ થયેલ. **સંયોજક : પ્રવીણ નાકરાણી,ઔરંગાબાદ**

અદાણી ગ્રીન પાવરના કર્મી વિરુદ્ધ પોલીસ ફરીયાદ, વીજ લાઇન નાખવા દરમ્યાન મહિલાને માર માર્યાનો આક્ષેપ

નખત્રાણા તાલુકાના સુખપર(રોહા)ગામના મહિલા ભાવના પીડોરીંયાનો પરિવાર નખત્રાણાના વરમસેડા વિસ્તારમાં વાડી ધરાવે છે. ૧૮ તારીખે અદાણી ગ્રીન પાવર કંપનીનુ વિજલાઈન નાંખવાનુ કામ કરતા લોકો વાડીએ પહોચ્યા હતા. અને કોઇ મંજુરી કે કરાર વગર લાઈન નાંખવાનુ શરૂ કર્યુ હતુ.

કચ્છ વિન્ડ એનર્જીનુ હબ બની રહ્યુ છે.

કચ્છના નખત્રાણા,માંડવી સહિત અનેક વિસ્તારોમાં વિવિધ કંપનીઓ હાલ પવનચક્કી તથા તેની લાઇનો નાંખવામા વ્યસ્ત છે. જો કે આ વિકાસ સાથે ખેડુતો સાથેના ધર્ષણના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે. જો કે તંત્ર અને પોલીસની બીક વગર કંપનીની દાદાગીરીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે.

૧૮ તારીખે બનેલા આ બનાવમા અંતે અદાણી ગ્રીન પાવર કંપનીના એ કામદારો સામે નખત્રાણા પોલિસ મથકે વિવિધ ફરીયાદ નોંધાઇ છે. કંપનીના જવાબદારો દ્વારા ખેડુતની પુર્વ મંજુરી વગર તેના ખેતરમાં ફેનસીંગ તોડી પ્રવેશ કરવા સાથે વિરોધ કરતા એક મહિલા સહિત ખેડુતને માર મારવાની ફરીયાદ છે. નખત્રાણા પોલિસે બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

લાઈન નાંખવા ખેડુત સહમત ન હતા

નખત્રાણા તાલુકાના સુખપર (રોહા) ગામના મહિલા ભાવના પીડોરીંયાનો પરિવાર નખત્રાણાના વરમસેડા વિસ્તારમાં વાડી ધરાવે છે. ૧૮ તારીખે અદાણી ગ્રીન પાવર કંપનીનુ વિજલાઈન નાંખવાનુ કામ કરતા લોકો વાડીએ પહોચ્યા હતા. અને કોઇ મંજુરી કે કરાર વગર લાઈન નાંખવાનુ શરૂ કર્યુ હતુ. જેને લઇને ખેડુત પરિવારે વિરોધ નોંધાવી મંજુરી સહિતના આધારો માંગયા હતા. જેના બદલામા કંપનીના કામદારો લાજવાના બદલે ગાજ્યા હતા અને ઉપસ્થિત મહિલા સહિત તેના પરિવારના અન્ય સભ્યોને માર પણ માર્યો હતો.

કિસાન સંઘ,નખત્રાણા સંઘઠનની શક્તિ

ભારતીય કિસાન સંઘ તાલુકો નખત્રાણા

આથી સર્વે ખેડૂત ભાઈઓ બહેનોને જણાવવાનું કે ગામ સુખપર (રોહા) તાલુકો નખત્રાણા ખાતે ખેડૂતો ઉપર અદાણી કંપની દ્વારા જે અત્યાચાર કરવામાં આવ્યો છે. તે ગંભીર બાબત છે. ખેડૂતો પોતાના ખેતરમાં સુરક્ષિત નથી એ આ બનાવ પરથી જણાય છે. માટે હાલમાં જે ઘણી બધી કંપનીઓ ખેડૂતોના ભોગે ટાવરો અને વીજ લાઈનો ઊભી કરી રહી છે તેમાં વળતર બાબતે ખેડૂતોને નજીવી કિંમત આપીને ખેડૂતોના ઊભા પાકને નુકસાન કરીને દાદાગીરી કરીને ગુંડા તત્વોને સાથે રાખીને કંપનીઓ પોતાની મરજીથી કામ કરી રહી છે.

ખેતર વાડીમાં દીકરીઓને ઈજ્જત રહેતી નથી. ગમે ત્યારે આવીને મારકૂટ કરી ને કામ કરી રહ્યા છે માટે ખેતર-વાડીમાં સુરક્ષિત રહેવું હશે તો સર્વે ખેડૂતોને એક થઈને મોટી સંખ્યામાં અવાજ ઉઠાવવો પડશે.

આવતીકાલે નખત્રાણા ખાતે ખેડૂતો અને માલધારીઓને સર્વે સાથે મળીને આપણા હક માટે આવેદનપત્ર આપવાનુ છે. તેમાં તાલુકાના સર્વે ગામોને મોટી સંખ્યામાં જોડાવાનું છે. દરેક ગામમાંથી મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ખાસ ઉપસ્થિત રહેવાનુ છે. આપણા જિલ્લાના પ્રમુખશ્રી શિવજીભાઇ બરાડીયા ખાસ ઉપસ્થિત રહેવાના છે.

પોતાના હક માટે ઉગ્ર લડત ચલાવવી પડશે.

લડેગે તો કુછ પાયેંગે

બજરંગ ગ્રાઉન્ડ માં એકત્રીકરણ સવારના દસ વાગે ત્યારબાદ નાયબ કલેકટરશ્રી ને આવેદન આપવાનું રહેશે

તારીખ ૨૨/૨/૨૦૨૨
સમય ૧૦:૦૦ કલાકે સવારના.
સ્થળ:બજરંગ ગ્રાઉન્ડ બેરુ રોડ નખત્રાણા.
કિસાનસંઘ મહા શક્તિ

ફેશનની દુનિયાનો ચમકતો ચહેરો "દીક્ષા રંગાણી"

કચ્છ કડવા પાટીદાર સમાજ ના ફલક માં ફરી આજ એક સિતારો પોતાના પ્રતિભા નાં દમ પર ઉભરી ને આવ્યો.

નાગપુર નાં શ્રી પાટીદાર સમાજ ઘાટરોડ થી કું.દીક્ષા અર્ચના શૈલેષ રંગાણી જે ગત ૩ વર્ષ થી મોડેલિંગ નાં ક્ષેત્રે અત્યાર સુધી અનેક ફેશન શો માં પોતાની સફળતા નો પરચમ લેહરાવ્યો છે. ડ્રીમ વેંચર સ્ટુડિયો દ્વારા આયોજિત ફેશન અરેના એલીગન્સ ઓફ ઇન્ડિયા માં મિસ કેટેગરી માં દ્વિતીય રનર્સ અપ બની ફરી એક વખત કચ્છ કડવા પાટીદાર સમાજ નું નામ રોશન કરેલ છે.

આ સ્પર્ધા માં સહુ થી પેહલા, ઓડીસન પૂર્ણ કરવા પછી મિસ્ટર , મિસ અને કિડ્સ કેટેગરી થી ૫(પાંચ) સ્પર્ધક ની ટીમ બનાવવા માં આવેલ. તેમાં એ લોકો ને મેગેઝિન કવર અને શોર્ટ ફિલ્મ બનાવા માટે ગ્રુપ. ટાસ્ક આપવામાં આવેલ. ત્યારપછી એ ટાસ્ક અને ગ્રૂમિંગ સેશન ની કસોટી પર કસી સ્પર્ધક ને ટાઇટલ આપવા માં આવેલ જેમાં દીક્ષા ને બેસ્ટ પર્સનાલિટી નું ટાઇટલ આપવા માં આવેલ. ત્યારપછી તેમનું પોર્ટફોલિયો શૂટ પણ થયેલ.

કચ્છ કડવા પાટીદાર સમાજ ના તારલાઓ અનેક પ્રતિભા નાં ક્ષેત્રે પોતાની કિસ્મત અજમાવી રહ્યા છે.. ત્યાં દીક્ષા પણ અથાક મેહનત અને પ્રયાસ દ્વારા ફેશન વર્લ્ડ માં રાષ્ટ્રીય અને અંતરાષ્ટ્રીય ક્ષેત્રે શ્રી છમ્દ્ધદ્ધ સમાજ નું નામ રોસન કરવા નું સપનું હૃદય માં ધરાવે છે.

કું. દીક્ષા નું સપનું જરૂર થી સાકાર થાય એવી હાર્દિક શુભકામના.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, નખત્રાણા કચ્છ

શ્રી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અંતર્ગત નખત્રાણા/અબડાસા તાલુકાની સંયુક્ત પાટીદાર જ્ઞાતિજનો ની ટીમનું ગઠન કરવા માટે તા :-૨૦/૦૨/૨૨ના રોજ શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા ખાતે મિટિંગ નું આયોજન કરવામાં આવેલ.

આ મિટિંગમાં પ્રાંત અધિકારી ડૉ.મેહુલ બરાસરા , કેન્દ્રીય સમાજના પૂર્વ ઉપપ્રમુખશ્રી ડૉ. શાંતિલાલ સેધાણી, પશ્ચિમ કરછ સમાજ ઝોન પ્રમુખશ્રી રતનશીભાઈ ભીમાણી , પશ્ચિમ કરછ સમાજ ઝોનના મહામંત્રીશ્રી છગનભાઇ ધનાણી અને પશ્ચિમ કરછ સમાજ ઝોનના હોદ્દેદારો , આમંત્રિત જ્ઞાતિજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા જ્ઞાતિજનો માં સંપ, સંગઠન ની ભાવના વધે તે માટેના પોતાના વિચારો સભામાં મુકેલ. ચર્ચામાં એ મુદ્દો પણ ધ્યાને લેવાનો કે ઇઝરાયલ દ્વારા જે કેટલાક ગામ કિસાન હેતુસર દત્તક લેવાના છે.

તેમાં નખત્રાણા અબડાસા તાલુકા ના ગામ નો પણ સમાવેશ કરવામાં આવે. VUF દ્વારા સમાજ વિકાસ ને રાષ્ટ્ર વિકાસ સાથે જોડી ઉચ્ચસ્તરીય વિકાસ માળખામાં સહુને જોડવાનો પ્રયાસ સતત કરવામાં આવશે.

પ્રવક્તા:-શાંતિલાલ નાકરાણી

" સ્માર્ટ ગર્લ " યુવા ઉત્કર્ષ ટીમનો વર્કશોપ, MMR યુવાસંઘ, યેવલા

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર યુવાસંઘ મધ્ય મહારાષ્ટ્ર રીજીયન (નાસિક-નગર વિભાગ) યેવલા યુવામંડળ

યેવલા યુવામંડળ ના યુવા ઉત્કર્ષ સમિતી અને યેવલા મહિલા મંડળ નૂ સંયુક્ત કાર્ય

શનિવાર તા-૧૯/૨/૨૦૨૨ અને રવિવાર તા-:૨૦/૨/૨૦૨૨ ના નાસિક-નગર વિભાગ ના પિંપળગાવ , લાસનગાવ , યેવલા , અંદરસૂલ વૈજાપૂર અને કોપરગાવ થી દિકરીઓ એ સ્માર્ટ ગર્લ આ ૦૨ દિવસ નો વર્કશૉપ યેવલા યુવામંડળ ના યુવા ઉત્કર્ષ કન્વીનર હિનાબેન પ્રવિણ સાંખલા યેવલા ના નિવાસે લેવામા આવેલ.

કાર્યક્રમ ના ટ્રેનર નાસિક-નગર વિભાગના યુવા ઉત્કર્ષ કન્વીનર પારૂલબેન દિવાણી નાસિકથી પધારેલ હતા અને આ ૦૨ દિવસ નો વર્કશૉપ મા પહેલા અને બિજા દિવસે દિકરીઓ માટે અને બિજા દિવસે બપોર બાદ દિકરીઓ ના માતાપિતા માટે લેવામા આવેલ.

કાર્યક્રમ ની રૂપરેખા

શનિવાર તા-૧૯/૨/૨૦૨૨
(૧૪વર્ષ ઉપર ની યુવતીઓ માટે)
સવાર ના- ૯:૩૦- રજીસ્ટ્રેશન
સવારનૂ સત્ર-૧૦:૦૦ થી ૧૨:૩૦
લંચબ્રેક-: ૧૨:૩૦ થી ૧:૩૦
બપોરનૂ સત્ર-૧:૩૦ થી ૪:૩૦

રવિવાર તા-૨૦/૨/૨૦૨૨
(૧૪વર્ષ ઉપર ની યુવતીઓ માટે)
સવારનૂ સત્ર-૧૦:૦૦ થી ૧૨:૩૦
લંચબ્રેક-: ૧૨:૩૦ થી ૧:૩૦
બપોરનૂ સત્ર-૧:૩૦ થી ૩:૦૦
ખાસ વાલીઓ માટે સત્ર૩:૦૦ થી ૪:૩૦
૪:૩૦- પ્રશિક્ષક નૂ યુવામંડળ વતી સત્કાર
૪:૪૫- આભાર પ્રગટન
૫:૦૦- રાષ્ટ્રગીત સાથે સમાપન.

આ વર્કશૉપ દિકરીઓ અને વાલીઓ વચ્ચે ભાવૂક ક્ષણોથી અને ખૂબ સારી રીતે સંપન્ન થયેલ. કાર્યક્રમ ના સમાપન મા યેવલા સમાજ, મહિલા મંડળ અને યુવામંડળ ના પદાધીકારીઓ હાજર રહ્યા હતા અને ટ્રેનર પારૂલબેન દિવાણી નાસિકનું યેવલા યુવામંડળ મા વર્કશૉપ લેવા બદલ અભિનંદન અને આભાર વ્યક્ત કરેલ.

નિતેશ ગોપાલ રવાણી,વૈજાપૂર (પ્રમુખ યેવલા યુવા મંડળ
હિનાબેન પ્રવિણ સાંખલા (યુવા ઉત્કર્ષ કન્વીનર)
સહકાર યેવલા મહિલામંડળ

ઘાટકોપરમાં ચિંતન સભા ગ્લોબલ કચ્છ અભિયાનમાં જળ સંચય દ્વારા હરિયાળું કચ્છ નિર્માણ કરવા નો પ્રયાસ

ગ્લોબલ કચ્છ જળસંચય અભિયાન સંદર્ભે કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફન્ડ મુંબઈ દ્વારા ઘાટકોપર સમાજ વાડી મધ્યે મુંબઈ માં વસવાટ કરતા કચ્છ ના કડવાં પાટીદાર ની સંયુક્ત મીટીંગ ચેરમેન અરુણભાઈ નાકરાણી ના અધ્યક્ષ સ્થાને મળેલ. મેનેજીંગ ટ્રસ્ટી છગનભાઇ રામજીઆણી ઉપસ્થિત સર્વ જ્ઞાતિ જનોનું શાબ્દિક સ્વાગત કરેલ.

ટ્રસ્ટી શાંતીલાલ રૂડાણી એ જળસંચય ની તારીખ ૦૧ ફેબ્રુઆરી ના રોજ માટૂંગા માં મળેલ સમગ્ર કચ્છ ના હિમાયટીઓ ની મિટિંગ નો અહેવાલ આપેલ. ટ્રસ્ટી કેશવલાલ લીંબાણી એ તારીખ ૨૧ ફેબ્રુઆરી ના કાલિદાસ હોલ મુલુડ મધ્યે આયોજિત ગ્લોબલ કચ્છ ની મહા સભા થનાર અંગે માહિગાર કરેલ.કચ્છ ને નંદનવન બનાવવા હેતુસર આ ભગીરથ કાર્ય ને હાથ ધરવામાં આવેલ છે.

ઉપસ્થિત આગેવાન જ્ઞાતિ જનોએ જળસંચય અંગે ઉપયોગી સૂચન માહિતી સાથે આપેલ. તેમજ તન મન ધન સહિત આ ભગીરથ મિશન ને સફળ કરવા સહયોગી થવા બાંહેધરી આપેલ. પૂર્વ ચરેમેન કાંતિભાઈ સેંઘાણી કે જેઓ પહેલા ગુજરાત સિંચાઈ ખાતામાં કચ્છ વિસ્તાર માં ફરજ બજાવેલ હતી તેઓએ પણ આ અભિયાન ને સહૃદય સ્વીકૃત કરી આ આયોજન માં ટેક્નિકલ ઉપયોગીતા માટે ઉત્સાહ દર્શાવેલ છે.

આ આયોજન માટે મુંબઈ વસવાટ કરતા અને ખેતીવાડી સાથે સંકળાયેલ આગેવાન વ્યક્તિઓની સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ. આ સમિતિ ગ્લોબલ કચ્છ મિશન ની ટીમ સાથે સંકલન કરશે અને તેમના સાથ સહકાર સાથે કચ્છ ખાતે જેતે વિસ્તારમાં જરૂરી અભ્યાસ સાથે માર્ગદર્શન મેળવશે. તે ટીમ આર્થિક આયોજન કરવામાં મદદરૂપ થશે.

૨૧ ફેબ્રુઆરી ના મુલુન્ડ મિટિંગ માં ગુજરાત વિધાનસભા ના સ્પીકર ડો.નીમાબેન આચાર્ય તેમજ ધારાસભ્યશ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા અને વિરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહેવાના છે તેવી માહિતી સભામાં આપવાના આવેલ.જેથી મહાસભામાં નંદનવન કચ્છ ના મિશનની વ્યાપકતા કાજે સહુને ઉપસ્થિત રહેવા અનુરોધ ચેરમેન ટ્રસ્ટીશ્રી એ કરેલ અને સહુનો આભાર વ્યક્ત કરેલ..

સંયોજક,મહેન્દ્ર સેંઘાણી, મુંબઈ,

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તા. ૨૧-૦૨-૨૦૨૨ સોમવાર

સ્વ. કંકુબેન દેવશીભાઈ ભીમાણી ઉમર : ૮૦ વર્ષ
કચ્છ માં ગામ : દેવપર (યક્ષ)(સ્થાનિક)

સ્વ. જમનાબેન કરસનભાઈ ધનાણી ઉમર : ૯૦ વર્ષ
કચ્છ માં ગામ : નખત્રાણા. હાલે : સુરત (ગુજરાત)

સ્વ.શ્રી સામજીભાઇ નારણભાઈ ધોળુ ઉંમર : ૬૬ વર્ષ
કચ્છ માં ગામ : લુડવા હાલે : તિલકનગર, મુંબઈ

સ્વ. પાર્વતીબેન(પાનુમા) પ્રેમજીભાઈ સુરાણ ઉંમર : ૯૫ વર્ષ
કચ્છ માં ગામ : ઉખેડા હાલે : અમદાવાદ
ઉંમર ને લઈને સુઃખદ અવસાન

સ્વ. પરમાબેન દેવશીભાઈ પોકાર ઉંમર : ૧૦૬ વર્ષ.
કચ્છ માં ગામ : વેસલપર (સ્થાનિક)
ઉંમર ને લઈને કુદરતી સુખઃદ અવસાન

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના,
શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ....

S

Surya is the creator of the universe and the source of all life


R
Rama is a great ruler of Ayodh